## Recitation of Ana(n)t Akh*ā**d*o over 40 days

### Day 8

આશાજી ઉઠ કરોડ રોમ રાય કહીએ, કહીએ તે શાહની વાડીજી,
રોમે રોમે સાહેબજી રહેશે, કરે બંદાની સાર – હરી...૮૮

આશાજી નવ નાડ બંદાની જાણો, તે પણ શાહજીને હાથજી,
એક નાડ જો બંધજ રહેશે, તો કબી ન હોવે સાર–હરી...૮૯

આશાજી કાયા વાડી મોરે શાહજીએ કીધી, અને કીધી તે
આપોહી આપજી,
અમને તમને મૌલા અલીએ સીરજ્યા, તે માંહે દુજા કોઈ નવ જાણે–
હરી૦...૯૦

આશાજી ચઉદ લોકથી ચાલી આવ્યા, આવ્યા તે ઈ અલી અવતારજી,
ઇ અલી મેલીને દુજાને ધીઆવે, તે જીવ નરગે જાશે- હરી૦...૯૧

આશાજી આલ ઈમામ અલીજી આવ્યા, સોહી આંજ
કલજુગમાંહે બેઠાજી,
અવતારે અવતારે આલ લખાણી, સો કેમ દુજા હોય–હરી૦..૯૨

આશાજી કલજુગમાંહે જે ખોટા થાશે, તે દઈત દાણવ કેરી જોડજી,
અલીને આલે જે કોઈ હોશે, તે સોલ કલાસુ જાણો– હરી૦ .૯૩

આશાજી કલજુગમાંહે અલી પરતક બેઠા, તે પછમ દીસે જાણોજી,
જેણે સુઝાતા તેણે વર પાયા, અવર તે મુરખ કહેવાય– હરી...૯૪

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 8 (continued)

આશાજી દાડે પોતે દલ ઉલટશે, તે માંહે કોઇ કોઈ હોશેજી,
દલ દેખા જે જીવ સતજ મેલશે, તે જાશે દઇંતને ઘેર-
હરી૦...૯૫

આશાજી ભાદર નદી પાસે દલ બે પડશે, ને ફરતી ખાઇ ખોદાશેજી,
પરવત ડુંગર ઉડી ઉડી જાશે, પાણી ખુટી જાશે પાતાલ-હરી૦..૯૬

આશાજી એવી વેલા દોએલી આવશે, તારે દાણો પુડીએ વેચાશેજી,
તે વેલામાંહે સતજ રાખે, રાખે શ્રી સારંગધર સામી. હરી૦.૯૭

આશાજી પીર પેગમ્બર સરવે જીવ જાગે, જાગે તે જંપુદ્વીપ માંહેજી,
જંપુદ્વીપ માંહે મેલાણુજ હોશે, ઈમામપુરી નગરી જાણો-હરી૦..૯૮

આશાજી ઠામો ઠામથી ફોજ જ ચાલે, ને ચાલે તે બહુ જીવજી,
અણુત અખાડો તીસ દિન હોશે, હોશે તે હલહલકાર-હરી૦..૯૯

આશાજી, પીર પેગમ્બર સરવે મોટા હોશે, હોશે તે એણે ઠામજી;
સહુમાંહે અલી તેજવંત જાણો, સો શાહ બેઠા તખત રચાય.
હરી૦ (૧૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)